Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૩ · તા. ૧૭ થી ૨૩ જાન્યુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

## પ.પૂ.યતતિવર્યને જન્મદિનની વધાઈ !



જન્મ દિન: વસંત પંચમી, મહા સુદ ૫ સવંત ૨૦૦૦

અચલગચ્છની પરમ પ્રભાવી યતિ પરંપરાને સમૃધ્ધ કરી, આપે ગુરુજનોનું ગૌરવ વધાર્યું !

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ આપના ગુરુવર્યોના આશીર્વાદથી સતત નવા અને નવા શિખર સર કરતી રહી, એ જ અનોખો પ્રભાવ આપના માંગલિકમાં વર્તાઈ રહ્યો છે. જેમાટે જ્ઞાતિ, સદૈવ આપની ઋણી રહેશે....

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈની ગરિમા જાળવવા તથા તેને સમૃધ્ધ કરવાના નેમથી જેમણે જાહેરજીવનમાં મોટી જવાબદારી સ્વીકારી છે, તે સૌ પર આપની કૃપા જળવાઈ રહો અને તેઓ પોતાનું લક્ષ્ય સિધ્ધ કરે તેવા આર્શીવાદ ફાળો...

આપના જન્મદિને આપના સાર્થક દીર્ધાયુની કામના કરતા ધન્યતા અનુભવીએ છીએ.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

જય જય શ્રી અનંતનાથ

**સુધર્મા સ્વામિની પાટે, બિરાજતા ૭૫મા પટ્ટધર પ.પૂ. શ્રીપૂજ અચલગચ્છાધિપતિ પૂ. શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી તેમજ પ. પૂ. ક્ષમાનંદજી આદિ ગુરુભ્યો નમઃ**

**૭૧મા જન્મદિનની વધાઈ !**



**આપની લબ્ધિ વધે સવાઈ !**

## જન્મ દિનઃ વસંત પંચમી, મહા સુદ ૫ સવંત ૨૦૦૦

સુધર્મા સ્વામિની પાટ પરંપરાના ૭૫મા પટ્ટધર પ.પૂ. શ્રીપૂજ અચલગચ્છાધિપતિ
શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજીના અનુગામી પ.પૂ. ક્ષમાનંદજીની પરંપરાને
સમૃધ્ધ - લોકપ્રિય અને જ્ઞાતિજન પર કૃપા વરસાવતી કરનાર
ગુરુદેવ પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી શ્રીજી મ.સા.ને ૭૧મા જન્મ દિને ભાવભરી વંદના....

ગુરુ વર્યોની પરંપરાને સમૃધ્ધ કરી,
અનેકના દૂર કર્યા દુઃખ
ધર્મ – સંઘની સેવાને હંમેશા માન્યું પરમ સુખ
પિતા ધન્ય થયા, માતાની સાર્થક થઈ કુખ
દિવ્યતાની અનુભુતી થાય સાંભળી માંગલિક આપને મુખ

**માતુશ્રી મુરબાઈ વિશનજી શિવજી લોડાયા (કચ્છ - બાંઢિયા)**
**માતુશ્રી જયાબેન દામજી વિસનજી પટેલ (ધરમશી) (કચ્છ - જખૌ)**
**વતી અ. સૌ. પ્રભાવતી હેમેન્દ્ર લોડાયા સમસ્ત પરિવાર**

# મસ્જિદ બંદરની મિલકતોના રીડેવલ્પમેન્ટ અંગે ચોકઠા બહારનો અભિગમ અપનાવવો રહ્યો

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની ૦૭.૦૧.૧૫ની સર્વસાધારણ સભામાં એ મિટીંગની કાર્યસૂચિમાં રાખેલા નીતિ વિષયક અને બંધારણ સુધારાના મુદ્દા પછી સૌથી વધુ ગાજેલો મુદો અનંતભુવનના રીડેવલ્પમેન્ટનો હતો.

આ મુદ્દા સંબંધે એક અર્થમાં માર્ચ ૨૦૦૯ સુધી સંચાલન કરનાર ભૂતકાલીન ટ્રસ્ટ, માર્ચ ૨૦૧૫ સુધી સંચાલન કરનાર વર્તમાન ટ્રસ્ટ અને હવેથી એપ્રિલ ૨૦૧૫ થી વહીવટ જેના હાથમાં જશે એ ભાવિ ટ્રસ્ટબોર્ડની એક અર્થમાં કસોટી થઈ.

ભૂતકાલીન અને વર્તમાન ટ્રસ્ટબોર્ડે પ્રથમ માત્ર જુના અનંતભુવનના ભાડૂતોની તથા તે પછી જુના / નવા અનંતભુવનના ભાડૂતો (રહેઠાણ અને ઓફિસ વગેરે) તરફથી આવેલ રીડેવલ્પમેન્ટ દરખાસ્ત અંગે કેમ ધ્યાન ન આપ્યું તે અંગે પૂછપરછ કરવા સાથે જાન-માલનો ખતરો ઊભો થયો તે છતાં ટ્રસ્ટબોર્ડે આ ગંભીર મુદ્દા બાબત અસંવેદનશીલ રહ્યું છે, એવો આક્ષેપ પણ થયો.

વર્તમાન ટ્રસ્ટ બોર્ડ તરફથી ખુલાસો થયો કે એ દરખાસ્તોમાં રીડેવલ્પમેન્ટ થતું હોય તો પણ ટ્રસ્ટ બોર્ડને કંઈ મળતું નહોતું તેથી એ દરખાસ્ત પર ધ્યાન નથી અપાયું. હવે જ્યારે વર્તમાન ટ્રસ્ટ બોર્ડ છેલ્લા ત્રણ મહિનાથી આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યું છે અને રીડેવલ્પમેન્ટ દ્વારા ભાડૂતોને નવી સારી જગ્યા મળે તે સાથે ટ્રસ્ટને પણ ફાયદો થાય તેવી યોજના ઘડી ટેન્ડર મંગાવવા ઉત્સુક છે, પણ મુદત પૂરી થતી હોવાથી એ બાબત શું કરવું તે અંગે મહાજનનું માર્ગદર્શન માંગે છે કે શું તેણે આ અંગેની કાર્યવાહી ચાલુ રાખવી ?

સભા તરફથી આ સંબંધમાં માર્ગદર્શન અપાયું કે ભલે નવા ટ્રસ્ટબોર્ડને સાથે રાખી કાર્યવાહી ચાલુ રાખો.

અહીં એક વસ્તુ ખાસ નોંધપાત્ર છે કે આ રીતે માર્ગદર્શન માંગતી વખતે પણ વર્તમાન ટ્રસ્ટબોર્ડ કઈ યોજના અંગે કામ કરી રહ્યું છે તેની વિગતો બાબત ટ્રસ્ટ સ્વાયત છે અને આ ટ્રસ્ટબોર્ડની બાબત છે જે તે નવા ટ્રસ્ટ બોર્ડ સાથે જ વહેંચવા બંધાયેલું છે, એમ કહી સભાને પૂરી રીતે સહભાગી કરવામાં ન આવી.

ટ્રસ્ટબોર્ડના આવા વલણ અંગે નિરાશા દર્શાવતા અનંતભુવનના ભાડૂતોએ તો ભવિષ્ય પણ ભાખી દીધું કે અમને નવા ટ્રસ્ટ બોર્ડ પાસેથી પણ કંઈ આશા રાખવા જેવું નથી લાગતું.

વધુમાં જ્યારે ઐરોલીની વાડી બાબત આવનાર ટ્રસ્ટ બોર્ડ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં ચુંટાયેલા અને નવા ટ્રસ્ટબોર્ડમાં જેમનો પ્રવેશ નિશ્ચિત છે એવા આગેવાને કાર્યસૂચિમાં દર્શાવેલ ત્રણ કરોડને બદલે પાંચ કરોડ મંજુર કરવાની દરખાસ્ત કરી અને તે દરખાસ્ત સહેલાઈથી


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 03/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

પસાર થઈ ગઈ ત્યારે અનંતભુવનના ભાડૂતો તરફથી કટાક્ષ પણ થયો કે જે બહુ મહત્ત્વની નથી એવી ઐરોલીની વાડી અંગે તમે ત્રણને બદલે પાંચ કરોડ મંજૂર કરી - કરાવી શકો છો અને જ્યાં જાનમાલનો ખતરો ઊભો છે એવા અનંતભુવનના રીડેવલ્પમેન્ટ વિશે તે ક્યારે થશે એનું આશ્વાસન પણ નથી આપી શકતા! અને રીડેવલ્પમેન્ટનું કામ એટલું અટપટું છે કે એ બાબત સમય મર્યાદા ન આપી શકાય એમ કહીનો વાત ઉડાડી મૂકો છો. આ તો અસંવેદનશીલતાની હદ છે!

આ સભામાં વર્તમાન ટ્રસ્ટબોર્ડ જેમાં રીડેવલ્પમેન્ટનું કામ સારી રીતે કરી શકે તેવા નામી બિલ્ડરો, ઈન્વેસ્ટરો, વકીલ અને આર્કીટેક્ટ છે તથા આવનારા ર્ટસ્ટબોર્ડમાં પણ નામી બીલ્ડર અને ઈન્વેસ્ટર છે તેમ છતાં આ વસ્તુ ક્યારે થશે એની સમયમર્યાદા અંગેનું વચન ન આપી શકાય એ ખરેખર આશાવિહોણી - હતાશાજનક સ્થિતિ ગણાય.

શું અનંતનાથજી જિનાલયના નવનિર્માણમાં અનેક ટ્રસ્ટબોર્ડ અટવાયેલા રહ્યા તેમ વર્તમાન મિલકતોના રીડેવલ્ડમેન્ટમાં પણ અનેક ટ્રસ્ટબોર્ડ અટવાયેલા રહેવાના છે? જો એમ જ હોય તો ડોંબિવલીના રહેઠાણ ઈચ્છુકો જેમના આધારે જનાદેશ કે કોણ ચૂંટાશે, કોણ નહીં ચૂંટાય તે નક્કી થાય છે એમની અપેક્ષાઓનું શું? તેમણે આ બાબત ટ્રસ્ટ પાસે છેક ૧૯૮૨ થી માગણી કરી છે અપેક્ષાઓ રાખી છે એમને પણ કોઈ સમયબધ્ધ આશ્વાસન આપી શકાશે?

આ બન્ને મુદ્દાઓને સાથે જોઈએ ત્યારે સ્થિતિ છેક હતાશાજનક લાગે છે. કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ જે મુંબઈમાં આવનારી શરૂઆતની જ્ઞાતિઓમાં હતી અને જેની પાસે ન વિકસાવાયેલી ભાડુંપ-કાંજુરમાર્ગમાંની મિલકતો જેવી ઘણી મિલકતો છે, તેને પણ આવી હતાશાજનક સ્થિતિ અનુભવવી પડે એ ખરેખર પોતાની જાત પર દયા ખાવાનો વખત આવ્યો હોય તેવી સ્થિતિ ગણાય.

શું ખરેખર સ્થિતિ આટલી ખરાબ છે? કે આપણા ટ્રસ્ટ બોર્ડો કાળના પડકારને ઝીલવામાં ઊણા ઉતર્યા છે, ઉણા ઉતરવાના છે?

આ અંગે વધુ કંઈ પણ વિચાર્યા કે કહ્યા પહેલાં આ અંગે શું શું સંભાવનાઓ છે તે અંગે એકાદ - બે જણે કે વર્તમાન - આવનાર ટ્રસ્ટબોર્ડે જ નહીં જ્ઞાતિ સંબંધી બાબતોને જરા જેટલી ગંભીરતા લેનાર દરેકે એ બાબત વિચારવું રહ્યું એમ ભારપુર્વક કહેવું રહ્યું.

આ અંગે ખાસ કરીને મસ્જીદ બંદરના મકાનોની વિગતો આપી નિષ્ણાત અભિપ્રાય મેળવતી આપણે શું ઈચ્છનીય ગણીએ છીએ તેની સ્પષ્ટતા કરી લેવી રહી.

વ્યવહારિક રીતે જોઈએ તો મસ્જિદ બંદરની મિલકતોને ૧. રહેણાંક ૨. વ્યાપારી ૩. સામાજિક અને ૪. ધાર્મિક એમ ચાર જૂથોમાં વહેંચી નાખવી રહી.

અનંતનાથ ટ્રસ્ટની બધી મિલકતમાંના રહેઠાણો રીડેવલ્પમેન્ટ પછી દેરાસરજીની આસપાસ કે અત્યારના અનંત નિવાસની જગ્યાએ બંધાયેલા આવી જાય તેવું આપણે ઈચ્છીએ છીએ.

તેવી જ રીતે બધી વ્યાપારી જગ્યાઓ અત્યારના અનંતનિવાસના અમુક ભાગ તથા અનંતભુવનની જગ્યાએ બંધાનાર મકાનમાં આવી જાય તો સારું.

અરિહંત બેંક, ભગિની સમાજ જેવી જગ્યાઓ તેમજ પ્રસ્તાવિત અતિથિગૃહ, મહાજનવાડી, અનંતનાથજી ટ્રસ્ટ અને દેરાસર-મહાજનના કર્મચારીઓ માટેના તેઓ કામ પર હોય ત્યાં સુધી તેમને રહેવા મળે તેવા રહેઠાણો, ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી ટ્રસ્ટની મિલકતોના બદલામાં અપાયેલ શાળા ચલાવવા માટેની જગ્યાઓ તેમજ ઉપાશ્રય જેવી ધાર્મિક જગ્યાઓ તેમજ ભાડા પર અપાયેલ દેરાસરજીની (દેવદ્રવ્યની) મિલકતના ભાડેથી રહેવા તૈયાર ભાડૂતો માટેની વધુ સગવડ વાળી મોટી જગ્યાઓ દેરાસરજીની આસપાસના મકાનોની જગ્યાએ રીડેવલ્પમેન્ટ થયેલ મકાનોમાં લાવવાનું ઈચ્છનીય માનીએ છીએ.

જયાં સુધી અભિગમનો સવાલ છે અહીં ઘણી બધી જગ્યાઓ દેરાસરજી (દેવદ્રવ્ય) ખાતની છે. સિવાય કે નવા અનંતભુવનનું મકાન

અને તેઓની ઓફિસ વિગેરે જે સાધારણ ખાતાના છે. આમ મસ્જીદ બંદરમાં ટ્રસ્ટ મિલકતો અને ખાલી પ્લોટ મળીને કુલ ૮૦૦૦૦ ચો.ફૂ માંથી અંદાજે ૪૦૦૦૦ ફૂટ રહેણાંક અને આશરે ૭૦૦૦ ફૂટ વેપારી પ્રતિષ્ઠાનો દેરાસર ખાતામાં છે, જો એમ માનીએ કે તેમાંથી જે રહેણાંક છે તે માટે જ્ઞાતિની ધાર્મિક - સામાજિક જવાબદારી છે, વળી એ કુટુંબોને રહેવા ઓછામાં ઓછા ૩૫૦ ચો.ફૂ. કારપેટના સેલ્ફ કન્ટેન્ડ ફ્લેટ આપવા જરૂરી બનતા હોય તો બીજા ૧૪૦૦૦ ચો.ફૂ.ઉમેરાય એટલે કે ૫૪૦૦૦ ચો.ફૂ ધાર્મિક - સામાજિક જવાબદારી તરીકે આવે.

મસ્જિદ બંદરમાં વસી અનંતનાથ જિનાલયનું ધ્યાન રાખતા તમામ કુટુંબોને વ્યવસ્થિત રીતે ફ્લેટ આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય પૂરો થતો હોય તો આ પુર્નવિકાસ કાર્યને લીધે ટ્રસ્ટને ભલે કોઈ આવક થવાની હોય એટલે કે ભલે વધારાના ફ્લેટના વેચાણ દ્વારા ટ્રસ્ટને આવક ન થવાની હોય તો પણ ટ્રસ્ટ ખર્ચે આ જ્ઞાતિજનોને તિર્થક સામાજિક-ધાર્મિક વારસાના સંરક્ષક માનીને નવી બંધાયેલી સગવડવાળી દેરાસર પાસે આવેલી જગ્યાઓમાં ખસેડવાની જ્ઞાતિની ફરજ છે.

આવા પુર્નવિકાસનો ખર્ચ અંદાજે ૧૦ થી ૧૫ કરોડ જેટલો આવે તો શું આપણે ધાર્મિક - સાંસ્કૃતિક - સામાજિક વારસાને જાળવવા અનંતછાયાના વેચાણમાંથી તથા તેના વ્યાજમાંથી ૫૫ કરોડની જેટલી રકમ મળ્યા બાદ પણ તેટલો ખર્ચો ન કરી શકીએ?

સમાપન રૂપે એટલું જ જણાવવાનું કે આ બાબત નકારાત્મક કે ઉડાઉ અભિગમ રાખવાને બદલે જ્ઞાતિના બિલ્ડરો, રોકાણકારો અને પ્રોફેશનલો જો હકારાત્મક અભિગમ રાખે તો અનંતભુવનના ભાડૂતોને જ નહીં મુંબઈમાં વસતા બધા જ્ઞાતિજનોને એક તબક્કો ત્રણ વર્ષનો ગણીએ તો એવા ત્રણ તબક્કા સમયગાળામાં જ્ઞાતિની રહેઠાણ સમસ્યા સદંતર નાબૂદ ન કરી શકાય તો પણ તે મેનેજેબલ (વ્યવસ્થા થઈ શકે તેવી) છે, એવી હકારાત્મકતા ચોમેર હોય એવી સ્થિતિ જરૂર લાવી શકાશે.

- ચંદ્રસેન મોમાયા

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - સુથરી
## કચ્છમાં પાણીની અછતને કારણે મહોત્સવ મોકૂફ

**સુજ્ઞ જ્ઞાતિજનો**

**આપ સર્વેને સુવિદિત છે તે પ્રમાણે આપણા પુજનીય શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના જિનાલયની ૧૭૫ મી ધ્વજા નિમિત્તે આપણે તા. ૧૬.૪.૧૫ થી તા. ૨૬.૪.૧૫ સુધી એક મહામહોત્સવનું આયોજન કરેલ. જે સુથરી તેમજ અબડાસા પ્રદેશમાં પાણીની તીવ્ર અછતને કારણે મુલતવી રાખી રહ્યા છીએ, તેની જાણ લેશો.**

**મહોત્સવ માટે નિમાયેલ સમિતિ આગામી નિર્ણયો લઈ આપને આગળના કાર્યક્રમોની જાણ કરશે. આપના સાથ અને સહકારની અપેક્ષા સાથે.**

**લિ. ટ્રસ્ટીઓ તથા**
**મહોત્સવ સમિતિના સભ્યો**


## અડદીયા.... અડદીયા

**શુદ્ધ દેશી ઘીનાં મસાલાથી ભરપુર**
**ચટાકેદાર, સ્વાદિષ્ટ, પિસ્તા - બદામથી ભરપુર**

## કે.ડી.ઓ. નાં અડદીયા,
## ઘર - ઘર ખવાય!

- **ખુશાલ લોડાયા (કોવઈનગર)** 09427235205
- **હીરાચંદ છેડા (ભુજ)** 09879357246
- **દિલીપ મોતા (વર્ધમાનનગર)** 09427249549
- **હેમંત જીવાણી (કોવઈનગર)** 09825214365
- **મુકુંદ લોડાયા (માધાપર)** 09426231377
- **વિનય મૈશેરી (માંડવી)** 09879563037
- **ગુલાબ મોતા (કોઠારા)** 09724382345
- **અમિત છેડા (નેત્રા)** 09427272447
- **લહેરીભાઈ લાપસિયા (ગાંધીધામ)** 09879013451
- **હરીશભાઈ મુનવર (અમદાવાદ)** 09825654189

## મહાજન ભાગ - ૧: વ્યક્તિ, જ્ઞાતિ અને સંસ્થા

પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત) મો. 09978903247

ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યનું તેમની સામાન્ય સ્થિતિમાં વાણી, વર્તન અને વહેવારના આધાર પર ચાર પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે, જે છે: દુર્જન, જન, સજ્જન અને મહાજન.

**દુર્જન** એ મનૂષ્યોમાં કનિષ્ઠ પ્રકારની વ્યક્તિઓ હોય છે, જેમનાથી જન, સજ્જન અને મહાજન પ્રકારની વ્યક્તિઓ દૂર રહેવાનું પસંદ કરે છે. તેવી દુરકજન શબ્દોની સંધિથી દૂર્જન શબ્દ બનેલ છે. આ પ્રકારના લોકો અત્યંત સ્વકેન્દ્રિત હોય છે અને પોતાના સ્વાર્થ કે લાભ માટે કોઈનું પણ નુકશાન કરતાં અચકાતા નથી. તેઓ પોતાના કાર્યો દ્વારા એવા પ્રકારની સ્થિતિનું નિર્માણ કરે છે જે અન્યોને નુકશાન પહોંચાડે છે અને તે સમાજ માન્ય નથી હોતા.

કેટલીકવાર આવા મનુષ્યો ખુબજ જ્ઞાની, શક્તિશાળી અને પ્રભાવશાલી પણ હોય છે છતાં તેમના કાર્યોને લીધે દુર્જન કક્ષામાં ગણાય છે. જેમકે રાવણ ખુબજ જ્ઞાની અને પરમ શિવભક્ત હતો અને રાજા પણ હતો. કંસ પણ અત્યંત શક્તિશાળી અને રાજા હતો છતાં પણ તેના કાર્યોના કારણે દુર્જન ગણાયો. મોટા ભાગના રાક્ષસો કે દાનવો અત્યંત શક્તિશાળી હોવા છતાં દુર્જન ગણાયા છે. આજકાલ કેટલાક કહેવાતા સાધુસંતો પણ આ કક્ષામાં આવી ગયા છે. સદભાગ્યે આ પ્રકારના મનુષ્યની સંખ્યા મર્યાદિત હોય છે.

બીજા, પ્રકારના લોકો **જન** કક્ષામાં આવે છે, તેઓ મોટા ભાગે પોતાની પ્રવૃતિઓમાં વ્યસ્ત હોય છે. તેઓ બને તેટલી પ્રમાણિકતાથી જીવે છે અને પોતાના પરિવારની સુખ, શાંતિ, કલ્યાણ અને પ્રગતિ માટે પ્રવૃતિઓ કરતા હોય છે. બને ત્યાં સુધી અન્યને તકલીફ પહોંચાડવાની કે પરોપકાર કરવાની વૃતિ આ પ્રકારના લોકોમાં નથી હોતી. સંસારમાં આ પ્રકારની વ્યક્તિઓ બહોળા પ્રમાણમાં હોય છે.

ત્રીજા પ્રકારની વ્યક્તિઓ જન કરતાં કંઈક વિશેષ હોય છે. તેઓ પોતાના પરિવાર ઉપરાંત અન્ય સંલગ્ન લોકોના કલ્યાણ માટે પણ પ્રવૃતિઓ કરતા હોય છે. તેઓ મિત્રો, સગા સબંધી, નોકર કે અન્ય પરિચિતોને પણ જરૂર પડે મદદ કરે છે. ક્યારેક કોઈ (દુર્જન કે જન) તેમને નુકશાન કરે કે વિશ્વાસ ભંગ કરે ત્યારે પણ આ પ્રકારના મનુષ્યો પોતાની સજ્જનતા નથી છોડતા અને બને તેટલું જતું કરે છે. તેથી જ તો સમાજ આ પ્રકારના મનુષ્યોને **સજ્જન** એટલે કે સારાજન કહે છે સંસારમાં આવા પ્રકારના લોકો ઓછા પ્રમાણમાં હોય છે.

ચોથા પ્રકારના લોકો જે **મહાજન** તરીકે ઓળખાય છે, તેઓ અત્યંત અલ્પ સંખ્યામાં હોય છે. આ પ્રકારની વ્યક્તિઓ પોતાના પરિચિત અને સગા સબંધી કે મિત્રો ઉપરાંત પાતાની જ્ઞાતિ, સમાજ કે ગામના લોકોના કલ્યાણ, સુખાકારી અને પ્રગતિ માટે પણ ચિંતિત હોય છે અને તેમના માટે તન, મન અને ધનથી કાર્ય કરવા તત્પર હોય છે. એટલું જ નહીં પણ પશુ - પક્ષીઓ માટે પણ ચિંતિત હોય છે, તેથી જીવદયાના કાર્યો પણ કરે છે.

આવી વ્યક્તિઓ (જે એક વ્યક્તિ તરીકે મહાજન છે સમાજ માટે દિવસના ચોવીસે કલાક અને અઠવાડિયાના સાતેવાર મદદગાર હોય છે) (અંગ્રેજીમાં તેમને 24 x 7 helpline કહેવાય છે) તેઓ પરદુ:ખભંજન કે પરોપકારી હોય છે તેથી સમાજ તેમને શેઠશ્રી, શ્રેષ્ઠી, જ્ઞાતિરત્ન, શ્રેષ્ઠીરત્ન કે જ્ઞાતિ શિરોમણી જેવા સન્માનનીય શબ્દો તેમના નામની આગળ લગાડતા કે બાપા કે દાદા જેવા અત્મીય શબ્દો તેમના નામની પાછળ લગાડતા હોય છે. આ બધી ખરીદાયેલી ડીગ્રીઓ કે સરકાર તરફથી મળેલ ખીતાબો નથી.

આવી વ્યક્તિઓને સમાજ **મહાન જન** એટલે કે **મહાજન** કે માજન કહે છે. કેટલાક મહાજનો તો દંતકથા સમાન પ્રસિદ્ધ છે જેમકે ભામાશા, જગડુશા, આપણી જ્ઞાતિમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા, સૌરાષ્ટ્રમાં ખાસ કરીને હાલાર કે જામનગરમાં શેઠશ્રી મેઘજી પેથરાજ, ગુજરાતમાં એટલે કે અમદાવાદમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, દક્ષિણ ગુજરાતમાં શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જે કેટલાક જાણીતા મહાજન શ્રેષ્ઠીઓ છે.

આવા મહાજનનો એટલો પ્રભાવ પડતો કે કેટલીક વાર તો તેમની નાત કે જ્ઞાતિના લોકો પણ મહાજન તરીકે ઓળખાવા લાગે છે. હાલારમાં અને ખાસ કરીને જામનગરમાં મહાજનના અપભ્રંશ માજન એ એક જૈન જ્ઞાતિ છે, જેઓ આપણી કચ્છી બોલીને મળતી બોલી બોલે છે. મારા કુમાર અવસ્થાના કેટલાક વર્ષો જામનગરમાં વીતેલ છે ત્યાં હરિયા, માલદે અને શાહ અટક ધરાવતા કેટલાં જૈન વાણિયા કે માજન મારા મિત્રો હતા. અગાઉના જમાનામાં કંકોત્રી કે લગ્નગીતોમાં પણ લગ્ન પ્રસંગે સાજનની સાથે માજન (મહાજન)ની ઉપસ્થિતિ પણ જરૂરી લાગે તેવી પ્રથા હતી.

પરંતુ સમયાંતરે અને પરિવર્તન પ્રવાહમાં અગાઉના મહાજનના જેવી સર્વગુણ સંપન્ન વ્યક્તિઓ દુર્લભ થતી ચાલી એટલે મહાજન એક વ્યક્તિ ન રહેતા અનેક વ્યક્તિઓનો સમૂહ કે સમિતિ બની ગઈ. આ મહાજનના અર્વાચીન સ્વરૂપમાં મહાજનમાં કોઈ વ્યક્તિ ધાર્મિક ક્ષેત્રમાં, કોઈ વ્યક્તિ આર્થિક ક્ષેત્રમાં, કોઈ વ્યક્તિ સામાજીક રીત રીવાજોમાં, કોઈ શિક્ષણમાં તો કોઈ રાજકારણમાં અને કોઈ પોતાના વ્યવસાયમાં (પ્રોટેક્શન) આગળ પડતા હોય તેવી વ્યક્તિઓની સમિતિ (ટીમ) બનીને પોતાના સંયુક્ત જ્ઞાન, કૌશલ્ય, સમૃદ્ધિ, ડહાપણ અને અનુભવ દ્વારા સમાજને ઉપયોગી થવાની સહિયારી પ્રવૃત્તિ કરવાની પ્રથા અમલમાં આવી.

પ્રકાશ સમીક્ષાના મહાજન વાડી સબંધી એક લેખમાં (મારી સ્મૃતિને આધારે લખું છું) કે આજકાલ મહાજનમાં બધી રીતે પૂરા એવા લોકો પણ આવી ગયા છે; આ ભાવના વ્યક્ત કરતું વાક્ય વાપરવામાં આવેલ. કંઈ વધારે લખાયું હોય તો ક્ષમા યાચના. પણ હાલની પરિસ્થિતિમાં જ્યારે કોઈ મહાજનની પ્રવૃત્તિ એટલી વિશાળ પ્રમાણમાં હોય જેમાં જ્ઞાતિના કોઈ પ્રસંગની ઉજવણી માટે કે જ્ઞાતિની અસક્યામતોની જાળવણી, વિકાસ કે નવી અસક્યામતના સંપાદન માટે મહાજનોને એવા સરકારી અધિકારીઓ, વચેટીયાઓ કે કેટલીક વાર આવા **બધી વાતે પૂરા** સભ્યો પણ કામમાં આવે છે એક ખુબ જ પ્રખ્યાત ફિલ્મ શોલેમાં જય અને વીરૂએ બંન્ને લગભગ અસામાજીક તેમની આવડતનો ઉપયોગ કરીને પોતાના ગામ રામપૂરને ગબ્બર સીંગ ડાકુના ભયની મુક્ત કરે છે.

મહાજન પ્રથા કે સંસ્થાનો મુળભુત ઉદેશ સમાજના વધારેમાં વધારે લોકોના કલ્યાણ કે અને પ્રગતિ માટે કામ કરવાનો છે. જેમાં કવચિત સાધન ગૌણ બને છે.

ઈતિહાસ સાક્ષી છે કે સમાજમાં ભાગ્યે જ સો પ્રતિશત્ આર્દશ વ્યક્તિ, સંસ્થા કે શાશક (જેમાં રાજા, પ્રધાન, અધિકારીઓ કે મહાજનના સભ્યો) હમેંશા હોય છે. એવી સ્થિતિ કે પરિસ્થિતિ ક્યારેક આવે જેમાં સગાવાદ, સ્વાર્થ કે સ્વહિતનું મહાજનની પ્રવૃતિઓમાં પણ પ્રદર્શન થાય જેને અનિવાર્ય દુષણ માનીને ચલાવી લેવું પડે. પણ એક સંસ્થા કે પ્રણાલિ તરીકે મહાજન એ જરૂરી પ્રવૃતિ છે જેને સાથ, સહકાર સમજણ અને સંપ દ્વારા સબળ, સન્માનીય અને સક્ષમ સંસ્થા બનાવવી જરૂરી છે.

શ્રી આશાપુરા માતાય નમઃ

**માતાજીની અસીમ કૃપાથી જખૌ (કચ્છ)માં બિરાજમાન મૈશેરી પરિવારનાં કુળદેવી શ્રી આશાપુરા માતાજીનાં નૂતન સ્થાનક મંદિરે ચંડીપાઠ તથા માતાજીની ગંધી બદલવાનું આયોજન**

**ભાવભર્યું આમંત્રણ**

**શ્રી જખૌ નિવાસી સમસ્ત મૈશેરી પરિવાર જોગ...**

જખૌમાં નિમવારા ફરિયામાં બિરાજમાન મૈશેરી પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીનાં સ્થાનકે તા. ૪.૪.૨૦૧૫ ને શનિવાર ના સવારે ૭.૩૦ વાગે ચડીપાઠ અને ત્યાર બાદ ૧૦.૩૦ વાગે માતાજીની ગંધી બદલવાનું આયોજન કરવામાં આવેલ છે.

દરેક ભાવિક પરિવાર તથા નિયાણી બહેનોને સ્થાનકે બહોળી સંખ્યામાં પધારવા ભાવભરી નમ્ર વિનંતી.

**સંપર્ક : ભાઈમાં રાજુલા બેન 02831287545, કુલીન મૈશેરી . 09820198823, મહેન્દ્ર મૈશેરી 09967150987**

**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર

• બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.

Tel. : 22413995 / 22402786

સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.) કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574

## સાહિત્ય - કલા એવોર્ડ અર્પણ

શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય - કલા પુરસ્કાર ૨૦૧૪ અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૧.૦૧.૧૫, બપોરના કીંગ જ્યોર્જ હાઈ સ્કુલ, દાદર (પુ) ખાતે યોજાયો હતો. આ વર્ષે શ્રી લાલજી વેલજી મેવાડા (સુથાર) (કચ્છી કવિ - સાહિત્યકાર) ને કચ્છી ભાષાની આજીવન સેવા માટે, શ્રી કીર્તિભાઈ ખત્રીને કચ્છ મિત્રના માધ્યમથી કચ્છ અને કચ્છીયતની આજીવન સેવા માટે, (કચ્છી કવયિત્રી) શ્રીમતી મુક્તા નાનજી ઠક્કર ઉષ્માને હીંયેજી હાટ કાવ્ય સંગ્રહ માટે ન શ્રી વાલજી ભટ્ટી (લોક ગાયક) ને લોક ગાયકીમાં આજીવન પ્રદાન માટે તથા શ્રી બિપિન રમણિકલાલ સોનીને ચિત્રકળા ક્ષેત્રે આજીવન સેવા માટે અર્પણ કરવામાં આવ્યા

આયોજન માટે શ્રીમતી તારામતી અને શ્રી વિશનજી હરશી ગાલા, શ્રી માધવ જોશી **અશ્ક,** ડો. માધુરીબેન છેડા, ડો. ગુલાબ દેઢિયા, ડો. વિશન નાગડા, શ્રી લક્ષ્મીચંદ ગોગરી આદિએ ખાસ જહેમત ઊઠાવી હતી.

## મુબંઈ મહાજનશ્રી વ્યવસ્થાપક સમિતિ

મુબંઈ મહાજનશ્રીની આગામી ૨૦૧૫ - ૨૦૨૦ વર્ષો માટેની વ્યવસ્થાપક સમિતિના ગઠન માટે ચૂંટાયેલા ૩૯ સભ્યોની બેઠક વર્તમાન અધિકારીઓએ ૧૨ જાન્યુઆરી ૨૦૧૫ ના બોલવી હતી જેમાં ખુટતી પાંચ બેઠકો (સાત કો - ઓપ્ટ સભ્ય સિવાયના) માટે ૭ ઉમેદવારો ઊભા રહ્યા હતા.

તેથી બંધારણાનુસાર વર્તમાન અધિકારીઓની હાજરીમાં ગુપ્ત મતદાન દ્વારા ચૂંટણીઓ યોજાઈ હતી, તેમાં નીચે મુજબના પાંચ સભ્યો ચૂંટાયાં હતાઃ

૧. કલ્પેશ માણેકજી મોતા (ઘાટકોપર) ૨. નીલેશ માણેકજી મોતા (ઘાટકોપર) ૩ હિરેન નવીનભાઈ લાપસીયા (મુલુંડ) ૪. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા (ભાંડુપ) ૫ મુકુંદ મણિલાલ મોમાયા (ભાંડુપ).

હવે, ઉક્ત ૪૪ સભ્યોની એક સભા ૨૧ જાન્યુઆરીની ૨૦૧૫ મળશે જેમાં ૭ સભ્યો કો - ઓપ કરવાની કાર્યવાહી થશે.


શ્રી મોમાઈ માતાજી નમઃ

**શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા) હાર્દિક આમંત્રણ**

**સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સહ પરિવાર**

**એવમ નિયાણી બહેનો - દિકરીઓ સહ પરિવાર જોગ...**

સહર્ષ જાણાવવાનું કે આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મુકામે ધ્વજા, ચંડીપાઠ, પહેડી અને શ્રી ભોઈમાંની ગંધી બદલવાનો કાર્યક્રમ સંવત ૨૦૭૧ ચૈત્ર સુદ ૨ ને રવિવાર તા. ૨૨.૦૩.૨૦૧૫ના શુભ દિવસે વહેલી સવારથી આયોજીત કરવામાં આવેલ છે. આપ સૌને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.

ખુશાલી પુર્વક જણાવવાનું કે મુંબઈ મધે **શ્રી મોમાઈ માતાજીની પાંચમી સમૂહ પહેડી** સવંત ૨૦૭૧ વૈશાખ સુદ ૮ ને રવિવાર તા. ૨૬.૦૪.૨૦૧૫ ના શુભ દિવસે શ્રી મનોજભાઈ કારાણી એવમ સાથી કલાકારોના સથવારે સંગીતમય, ભક્તિમય, ગરબા રાસની રમઝટ સાથે આયોજીત કરવામાં આવેલ છે. આપ સૌને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ : કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવાની કાળજી લેવા નમ્ર વિનંતી.**

**મુંબઈમાં પહેડીના લાભાર્થી દાતા પરિવાર**

**માતુશ્રી નિર્મલાબેન વાલજી મુલજી મોમાયા (બારોઈ), સે સદાપુરવાળા પરિવાર**

**શુભ સ્થળ / સમય : શ્રી કપોળવાડી, એમ. જી. રોડ, ઘાટકોપર (વે), મુંબઈ સવારના ૮ કલાકથી**

**સંપર્ક**

શ્રી લબ્ધીભાઈ મોમાયા (ગાંધીધામ) 09825351001 શ્રી હીરાચંદભાઈ મોમાયા (ઘાટકોપર) 09870336826
શ્રી ધનપતિભાઈ મોમાયા (જલગામ) 09423185716 શ્રી દિનેશભાઈ મોમાયા (ડોંબિવલી) 09820678051
શ્રી ભદ્રેશભાઈ મોમાયા (મુલુંડ) 09833131359 શ્રી પંકજભાઈ મોમાયા (ઘાટકોપર) 09820143287
શ્રી શ્રેણીકભાઈ મોમાયા (મુલુંડ) 09323785320

**નિમંત્રકઃ શ્રી ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા તથા મોમાઈ માતાજી પરિવારના જય માતાજી**




## Mulund sarvoday mandal Jo 'Medavo

Once in a while, people come across events that are nearly life changing in their nature and have the ability to transform your view towards life and society. A new job, a move abroad, a fresh start and then the list goes on.

Medavo, hosted on the occasion of the golden jubilee anniversary of KDO Jain SarvodayMandal (Mulund), was one such event in lives of many KDOs in Mulund. New friendships were forged, old relations were rekindled and many of us had our most brilliant moments of 2014. This single event has introduced more young KDOs to their fellow young KDOs than most other events put together. It married the feeling of team spirit with the spirit of being a KDO and the event rocked, big time.

For the uninitiated, Medavo was an event celebrating the completion of fifty years of the KDO Jain Sarvoday Mandal - Mulund and comprised of more than 800 families across Mulund East and West. It can also be described as the dream of Shri Manikant Dhulla to bring the broader KDO family to the forefront of each KDO's social life. And today, in the aftermath of the wonderful event that was Medavo, we prefer hanging out with our new found friends instead of a mere hi hello!

The entire suburb of Mulund was divided into four teams – LeelaRangeela (Green), Red Warriors (Red), DabangDasha (Blue) and Yellow Ninjas (Yellow) having more than 200 families each. The event was scheduled over nearly two weeks from Christmas 25$^{th}$ December to 4$^{th}$ January ushering in the new year in the festive spirit. The Medavo consisted of a plethora of events: Marathon (very sweetly named 'DaudMethaDaud'), Big Bang (short fun games), Treasure Hunt for


જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ (મુંબઈ): આઠમો વાર્ષિકોત્સવ**

શ્રી વરાડીયા જૈન મહિલા મંચનું વર્ષ ૨૦૧૫ - ૧૬નું સભ્યપદ નવીનકરણ (renewal) કરનાર તથા નવા સભ્ય બનવા ઈચ્છતી વરાડીયા ગામની સર્વે બહેનો તથા પરિણીત નિયાણી બહેનોને પોતાના અપરિણિત સંતાનો સહિત સજોડે.

**હાર્દિક નિમંત્રણ**

સ્થળ : જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા હોલ, ૧ લે માળે,
અનંત સિદ્ધિ કંપાઉન્ડ, ભાંડુપ, મુંબઈ - ૭૮,

દિવસ - સમય : રવિવાર તા. ૧.૨.૨૦૧૫ બપોરે ૩ કલાકેથી

કાર્યક્રમની વિશેષતા

● મેમ્બર થનાર દરેક મહિલાને આકર્ષક રીટર્ન ગીફ્ટ ● આવનવી ગેમ - ડી.જે. ઈનામોની વણજાર ● લક્કી ડ્રો ● ડ્રેસ કોડ લાલ અને અથવા કાળો

દરેક નાના બાળકને ગીફ્ટ ચોવિહારની સુગમતા સાથે સ્વરુચિ આહાર

લિ. કારોબારી સમિતિ

શ્રીમતી લીના મધુકાંત મોમાયા : 9321691018 સૌ. આશા દીપક ડાઘા : 9594871898

સૌ. પ્રિયા વિનોદ મોમાયા : 7498442020 સૌ. લીલાવંતી મેઘજી મોમાયા : 9769123069

સૌ. ચિત્રા પદમ લોડાયા : 9819089539 સૌ. શીલા રતીલાલ મોમાયા : 9920803587

kids, Handball, Bucketball, Lagori, Amazing Race, Time-Speed-Distance Rally, Aquatic events, Skit, International and Folk Dance, Quiz, Rasoiki Maharani and traditional KDO Lagnotsav.

The Medavo was able to do a lot of firsts – people spending months training for a marathon, people getting together almost daily to discuss team strategies, youngsters getting a chance to witness the original traditional KDO traditions related to a wedding, our very own KDO Masterchef show and the list goes on. The event culminated with an a-la-Grande ceremony aptly named the grand finale that honoured the people who made this celebration a success – the organizing committee, the Manikant Dhulla family, the team owners, co-ordinators.

The Medavo was set up with the objective of bringing the young KDOs back into the mainstream of our social events and invigorate the next generation of KDOs who will take the mantle forward and it succeeded in achieving its objective.

The group of participants that made the events lively had put in nearly two months of intense but highly enjoyable practice and efforts that exemplified the phrase sometimes the journey is more enjoyable than the destination. The event fostered the emotion of competition, team spirit and oneness at the same time. The event turned fiercely competitive but by the end, all of us were cheering for the winners and rejoicing for being a KDO at the same time!

With your team members cheering you from the stands, the adrenaline rush of competition and the feeling of being one with your beloved team egged everyone on. A lot of us had never met each other and the feeling of being able to now identify a KDO in a crowd is priceless. A lot of us have made scores of new friends and have made memories that will last a lifetime. A lot of us have been exposed to the world of KDOs for the first time beyond our relatives and family friends and it has been because of the Medavo.

And the Medavo has not just been a success but it has been the fruit of tireless efforts, precision planning and cool head execution from the committee under the leadership of Viraj and Mayur Dhulla and the blessings of Shri Manikant Dhulla. A big thank you to him for dreaming of this event and others for making it successful!!

Looking forward to the next one!

***-Hitanshu Priya - Chandresh Shah (Mulund)***


**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન**



**શ્રી મેઘજીભાઈ વેલજી નરશી લોડાયા**

**ગામ સાંયરા**

**જન્મ : તા. ૨૫.૦૪.૧૯૩૪**

**અરિહંત શરણ : તા. ૨૨.૦૧.૨૦૧૪**

**શ્રદ્ધા સુમન અર્પણ કરનાર**

**માતુશ્રી ધનબાઈ વેલજી નરશી લોડાયા**

**ધર્મપત્ની : ગં. સ્વ. કસ્તુરબાઈ મેઘજી લોડાયા (સાંયરા)**

**ભાઈ : શ્રી ગોવિંદજી વેલજી લોડાયા (વાપી)**

**વેવાઈ : શ્રી મેઘજીભાઈ ભારમલ સાંયા (સુજાપુર)**

**લોડાયા તથા સાંયા પરિવાર**


## સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીની સમાનતા

કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિની પારંપારિક પ્રથા છે કે સંસ્થાની સુવર્ણ જયંતિ કોઈ પણ કસર રાખ્યા વગર તાન, મન અનો ધાનથી દિલ દઈનો ઉજવાય છે.

હાલ મુલુંડની સેવાભાવી સંસ્થા શ્રી જૈન સર્વોદય મંડળની સુવર્ણ જયંતિ વર્ષની સફળ ઉજવણીની પુર્ણાહુતિ વખતે શ્રી જૈન વિદ્યાલય જે વખતે જતાં શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી જૈન વિદ્યાલય તરીકે ઓળખાતી શાળાની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી યાદ તાજી થઈ.

**અનુસંધાન ૧૬ માં પાને**

## ખુશ રહીને જીવી શકો એનું નામ ખરી જિંદગી...

વનિતા



વિશ્વ

ફિટનેસની પરિભાષા શું?

૩૦ - ૪૦ વર્ષ પહેલાં આપણા ઘરના વડીલો વારંવાર ઘરનાં હેલ્ધી સાદાં ભોજન વિશે દિવસ - રાત ટકોર કરતા રહેતા, પણ પતાળાં હશો તો જ વધુ સુંદર દેખાઈ શકો એવી કોઈ ભ્રામક માન્યતા આપણા મગજમાં ઠસાવતા નહોતા. એમના હિસાબે હેલ્ધી ફૂડ એટલે દૂધ, માખણ, મલાઈ, દેશી ઘી કે પછી જુવાર - બાજરા - ઘંઉંની રોટલી, લીલાં શાકભાજી.... જેવો અર્થ હતો.

જો કોઈ વ્યક્તિ આ પ્રકારનું ભોજન ન લે તો નબળી પડી જશે કે કમજોર શરીરમાં જાતજાતની બીમારી પ્રવેશી જશે એવું સમજાવતા. એ વખતે ફિટનેસની પરિભાષા માત્ર હેલ્ધી - નિરોગી રહેવા પૂરતી જ હતી. ઘરનું કામકાજ કરતી સ્ત્રી બહાર જાય, છોકરાં અને પતિને સાચવે, વ્યવહાર સંભાળે અને આ બધું કર્યા પછી પણ થાકતી નહીં. આ બધું કરવાથી શરીરનો પૂરતો વ્યાયામ મળી જતો. આ સ્ટેમિના જળવાઈ રહે એ માટે આવો હેલ્ધી ખોરાક જ એમની ફિટનેસ સાચવવા માટે મદદ કરતો.

મને યાદ છે કે હું નાની હતી ત્યારથી જ આવી હતી. મારા ઘરના લોકો પણ આવા જ હતા મને યાદ નથી ક્યારેય મને એ લોકોએ પાતળી થા, આ ન ખા, તે ન ખા એવી ટકોર કરી હોય. ફિટનેસને લઈને પણ કોઈ હો - હા નહોતી થતી. બીમાર ન પડે એટલે માણસ હેલ્ધી અને ફિટ!

જો કે જેમ જેમ હું મોટી થઈ ત્યારથી જોતી આવી છું કે સુંદરતાની વ્યાખ્યા સમયાંતરે બદલાતી


|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

**"શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની ષષ્ટમ (છઠી) પહેડી**

**શ્રી લાલા – સાંધવ દંડ પરિવારના**

**સર્વે ભાવિકોને – નિયાણી બહેનોને**

**પહેડી પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ**

**શુભ દિન : રવિવાર, તા. ૧–૨–૨૦૧૫ સવારના ૯ થી ૨ ક.**

**સ્થાન : શ્રી અનંત સિધ્ધિ હોલ, ભાડુંપ (પ).**

વિશેષ કાર્યક્રમ

**તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન**

ધોરણ ૧ થી ૭ સુધી માર્કસ ૮૦% અને ઉપરના વિદ્યાર્થીઓનું
ધોરણ ૮ થી ૧૨ ના માર્કસ ૭૦% અને ઉપરના વિદ્યાર્થીઓનું
ગ્રેજયુએટ અને ઉપર માર્કસ ૬૦% અને ઉપરના વિદ્યાર્થીઓનું
(રીઝલ્ટ / માર્કસ શીટ પહેડીમાં સાથે લાવશોજી.)

પહેડી પ્રસંગોચિત સંગીત : **શ્રીમતી ચેતના હરીયા એન્ડ પાર્ટી**

લાભાર્થી પરિવારો

**શ્રી શામજી નરશી દંડ**
**શ્રી નવીનભાઈ હીરજી દંડ - વેરાવલ**
**શ્રી હિરાચંદ નરશી દંડ**
**શ્રી મણીલાલ પદમશી દંડ - ઈન્દોર**

|| જય શ્રી સચ્ચાઈ માં || || જય શ્રી દેશરમા ||



Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

ગઈ છે. સ્ત્રી સુંદર દેખાય કે દેખાવી જોઈએ એ વિશેની કોઈ ચોક્કસ માન્યતા હોતી જ નથી. પહેલાં ફિલ્મોમાં આશા પારેખ, વૈજયંતી માલા, નંદા જેવી એક્ટ્રેસની હિપ કે બ્રેસ્ટ સાઈઝ પર ક્યારેય કોઈ કમેન્ટ નહોતા કરતા, બલકે પાતળી હીરોઈનને કામ નહોતું મળતું.

જો કે સુંદરતાની પરિભાષા બદલાતાં ફિટનેસ વિશે જોવાનો આપણો અભિગમ બદલાઈ ગયો છે. અત્યારે દરેકને પાતળા થવું છે. સ્લિમ - થીન ન હોય એને ડિપ્રેશન આવી જાય છે. મારી પાસે આવતા મોટા ભાગના લોકોમાં આ જ એક સમસ્યા મને દેખાય છે. વી વોન્ટ ટુ બી સ્લિમ એન્ડ થિન.... એમનું આ વળગણ ગાંડપણની દિશામાં જઈ રહ્યું છે, જેને કારણે ઘણા લોકો શરીર સાથે ગમે એવું રિસ્ક લેતાં અચકાતા નથી.

બધાનાં શરીરની રચના જુદી જ હોવાની. ઉંમર, વજન, ઊંચાઈ તો ખરાં જ, પણ આંતરિક શારીરિક સમસ્યા પણ અલગ હોવાની. આ કોઈ ફોર્મ્યુલા નથી કે ચાલો, બે રાતમાં પાતળા થઈ જાઓ. કોઈને જે માફક આવતી હોય એ બીજા માટે એલર્જીનું કામ કરતી હાઈ શકે, પણ અત્યારે આ ફરક લોકો સમજી શકતા નથી. દેખાદેખી અને ફિલ્મોની અસર બધાના માનસ પર એટલી હદ સુધી ઘર કરી ચૂકી છે કે કોઈના જેવું બનવા અને દેખાવા માટે લોકો કંઈ પણ કરે છે. જે યોગ્ય નથી. મારા હિસાબે આને ફિટનેસ ન જ કહેવાય!

આજે પંદર વર્ષની છોકરીથી માંડી ૪૦ - ૪૫ વર્ષની બે સંતાનોની મમ્મીને પણ ઝીરો સાઈઝ કે ૪ સાઈઝના વસ્ત્ર પહેરવાં છે. જો બધા જ એવા પાતળા થઈ જશે તો તમારી પોતાની ઓળખનું શું થશે એવો ક્યારેય વિચાર કર્યો છે?

મારા હિસાબે ફિટનેસ એટલે શરીર જેવું હોય એને સ્વીકારીને દિલો - દિમાગથી મુક્તતા અનુભવે, આત્મવિશ્વાસથી ભરપુર, ખુશ રહીને જિંદગીને માણી શકાય એ અવસ્થા છે.

અત્યારની સ્ત્રી આ ઓળખ ગુમાવી રહી છે. સમાજમાં અમુક પ્રકારનું જીવન જીવીને એમણે એમની સગવડ મુજબ નિયમ ઘડી કાઢ્યા છે અને આ નિયમના ચક્કરમાં તમામ વર્ગની સ્ત્રીઓ ઘસડાઈ રહી છે. ફિટનેસ અને સુંદરતા બન્ને અલગ ચીજ છે. એ માટેના નિયમ વ્યક્તિગત ધોરણે જુદા હોવા જોઈએ એવું હું માનું છું.

હા, પહેલા કરતાં અત્યારની સ્ત્રીમાં ફરક જરૂર આવ્યો છે. ફિટનેસ માટે એ જિમ, યોગ કે કોઈ પણ એવા પ્રકારની શારીરીક પ્રવૃત્તિમાં જતી - આવતી થઈ છે. જે પહેલાં નહોતી જતી. સભાનતા આવી છે, પણ છતાંય આમાં એક મુદ્દો એવો છે કે સ્ત્રી આદર્શ મમ્મી, આદર્શ પત્ની, આદર્શ વહુ બનવાના આંતરિક સંઘર્ષ પાછળ ઘણો માનસિક ત્રાસ ભોગવી રહી છે. જિમમાં જઈને એક્સરસાઈઝ કરવી છે. પણ બધી રોજિંદી પ્રાયોરિટી - પ્રાથમિક્તાથી ઉપરવટ થવામાં એમણે સંઘર્ષ કરવો પડે છે. લોકોની નજરથી પોતાને સતત મૂલવવાનું એણે બંધ કરવું પડશે. જો નાનપણથી


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્કઃ દિનેશ દેઢિયા 92234 25676


**જય શ્રી પુડશાબાપા, જય શ્રી ખેતરપાર દાદા નમઃ**
**જય શ્રી અંબે માતાજી નમઃ**

**કચ્છી નલિયા ગામમાં મોતા ફળિયામાં બિરાજમાન ધરમશી ગોત્રનાં કુળદેવી શ્રી અંબેમાં ને નમતા નલિયા, જખૌ, સાંયરા તથા છાદુરા ગામનાં ભાવિકો જોગ**

## ધરમશી ગોત્રના કુળદેવીની સમૂહ પહેડી

નલિયા ગામમાં બિરાજમાન આપણાં કુળદેવી શ્રી અંબેમાંની સમુહ પહેડી ચૈત્ર શુદ તેરસ ૧૩ ને ગુરુવાર તા. ૨.૪.૨૦૧૫ નાં સવારના નલિયા મુકામે રાખવામાં આવેલ છે. આ શુભ અવસર પર સર્વે ધરમશી પરિવારનાં ભાવિકો તથા નિયાણી દીકરીઓને સહ કુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

નોંધ : આપશ્રી કુટુંબના કેટલા જણાં પધારવાના છે, તેની અગાઉથી જાણ કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.

જય શ્રી અંબેમાં ધરમશી પરિવારનાં
જય અંબે જય જિનેન્દ્ર

**સંપર્ક : દીપેશ લક્ષ્મીચંદ મોમાયા (ડોંબિવલી)**
ફોન. 0251, 2880823, 09323003032

જ આપણે આપણા દીકરાને સ્વાવલંબી જીવન જીવતાં શીખવીશું તો મોટા થઈને એ એની પત્નીને, માતાને એમનાં ઘરકામમાં સહભાગી થવા માટે કોઈ ખચકાટ નહીં અનુભવે, જેને કારણે કામનો બાજો એકમાત્ર ઘરની સ્ત્રી પર નહીં આવે. એ માનસિક રીતે મુક્ત હશે તો પોતાની કાળજી લઈ શકશે. અંતે ફિટનેસ માત્ર શારીરિક નહીં, પણ માનસિક રીતેય તો અનુભવવી અનિવાર્ય છે.

ડાયેટ વિશે પણ ઘણી બધી ગેરમાન્યતા પ્રવર્તે છે. તમને એક પ્રસંગ કહું. મને ટ્રેકિંગ કરવાનો ખુબ શોખ છે અને એમાંય હિમાલયમાં. હમણાં થોડા વખત પહેલાં અમે નેપાળ બોર્ડરની નજીક હતાં. ત્યાં એક સ્ટોલ હતો, જેમાં દાળ - ભાત અને અથાણું જ મળતાં હતાં, જેમાં બોર્ડ માર્યું હતું કે પ્લેટ - પચ્ચીસ રૂપિયા અને ડાયેટ - ત્રીસ રૂપિયા. મને ખુબ નવાઈ લાગી.

મેં એ સ્ટોલવાળાને પૂછયુ; આ શું છે? તો એ મને કહેઃ પ્લેટમાં અમે લિમિટેડ દાળ - ભાત આપીએ છીએ, પણ ડાયેટમાં અમે અનલિમિટેડ ખાવાનું આપીએ છીએ...મને ખરેખર હસવું આવી ગયું. અહી આપણે ત્યાં ડાયેટ એટલે ઓલમોસ્ટ ભુખ્યા રહેવું, થોડું ખાવું, સિલેક્ટેડ ખાવું અને ત્યાં ડાયેટ એટલે પેટ ભરીને ખાવું! કેટલી અલગ માન્યતા છે ડાયેટ વિશે?!

પહેલાં કહેવાતું કે આનું ડાયેટ સારું છે એટલે લોકો માનતા કે આનો ખોરાક સારો છે, પણ હવે કોઈ કહે કે ડાયેટ પર છું એટલે બધાને એમ જ લાગે કે આ માત્ર હવા - પાણી પર જીવે છે. અત્યારે તમે કોઈને પણ મળો તો આ જ સાંભળવા મળે છે કે ડાયેટ પર છું... અને એની આ જર્ની જિંદગીભર ચાલે છે. આ તદ્દન ખોટી માન્યતા છે, જે જલદીથી તુટે તો વધુ સારું.

જો કે હમણાં જો જોયું છે કે ડાયેટમાંય લોકો સેન્ડવિચ, પાસ્તા, પિઝા ખાતા, પણ હવે લોકો પોતાના રૂટ્સ તરફ વળી રહ્યા છે. લોકલ ફુડ ખાઈ રહ્યા છે. એવા કેટલાય પ્રોગ્રામ્સ આવી રહ્યા છે, સામાજિક, આર્થિક, પર્યાવરણની દૃષ્ટિએ આ ખૂબ સારું પરિવર્તન છે. આપણા યોગશાસ્ત્રમાં કહેવાય છે કે જેવું અન્ન એવું મન.

જો ગુજરાતી માણસ નાસ્તામાં થેપલા - ઢોકળાં ખાય, મરાઠી માણસ પૌંઆ ખાય અને સાઉથ ઈન્ડિયન્સ ઈડલી - ઢોસા ખાય તો એમાં ખોટું શું છે? નાસ્તામાં સીરીઅલ - દૂધ, બિસ્કિટ એ આપણી પરંપરા નથી. જો વર્ષોથી ચાલનારી એક પદ્ધતિ હોય. જે પ્રદેશ, જે જ્ઞાતિ હોય એનો અમુક નિયત કરેલો ચોક્કસ ખોરાક હોય તો એ એણે ખાવો જ જોઈએ. આપણે પૂર્વ દિશાનાં લોકો છીએ. પાશ્ચાત્ય પ્રવાહ દરેક દૃષ્ટિએ સારો જ હોય અને આપણને ઉપયોગી જ હોય એ જરૂરી નથી.

સૂપ, સેલડ, સેન્ડવિચ જો વિશ્વભરના લોકો ખાશે તો શું થશે? કોઈ કોઈનાથી જુદું જ નહીં પડે. આપણી ઓળખ બનાવવી આપણા હાથમાં હોય છે. આપણે રોબર્ટ કે રિચર્ડ નથી બનવાનું - શાંતિલાલ કે સુરેશચંદ્ર બનવાનું છે.

અત્યારે મારી પાસે આવનારા ક્લાયન્ટસમાં ઘણા બાળક પણ છે. દસ - બાર વર્ષની ઉંમરનાં મેદસ્વી થર ધરાવતાં અથવા બ્લડ, પ્રેશર ડાયાબિટીસ ધરાવતાં આ બાળકો અનેક ખોટી અસર હેઠળ છે - ભ્રમણામાં જીવી રહ્યા છે.

અત્યારે એમની પાસે રમવાનો સમય નથી. મારા હિસાબે દરેક બાળકે ૯૦ મિનિટ રમવું જોઈએ - એ પણ દરરોજ. પરીક્ષા હોય, ક્લાસ હોય, ગમે તે કારણે હોય - આ ૯૦ મિનિટમાં એમના શરીરને પૂરતી કસરત મળે છે. આ વાત ઘણાને સમજાતી નથી.

અલબત્ત, લાકો હવે જાગૃત થઈ રહ્યા છે. પોતાના શરીરની કાળજી કેવી રીતે લેવી એ પ્રત્યે સભાન બની રહ્યા છે. સામાન્ય રીતે ફૂડ ઈન્ડસ્ટ્રી, બ્યુટી ઈન્ડસ્ટ્રીનો વિકાસ થાય એટલે ફિટનેસ ઈન્ડસ્ટ્રી પણ સાથે વિકસે એ સહજ છે. હું જોઈ શકું છું કે આગામી વર્ષોમાં ભારતની આ નવી પેઢી ઘણી ફીટ હશે - નિરોગી હશે અને જરૂરતથી પોતાની આગવી ઓળખ પણ ધરાવતી હશે એમાં કોઈ બેમત નથી....

***- મોના કાણકિયા, ચિત્રલેખા માંથી સાભાર***


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

## સૌને પોતાના હોંશિલાપણા તથા અનુભવ વહેચવાની આદતનો રંગ લગાડનારા વનીતા હરીશ નાગડા દેવ યાત્રામાં દેવ શરણ



જ્ઞાતિના સીનીયર સીટીજનોની ડીગ્નીટી જાળવવા સ્થપાયેલ સંસ્થાનું નામ સાર્થક કરાવનારા મહિલા આગેવાન શ્રીમતી વનીતા હરીશ નાગડાની સંસ્થાની ગુજરાત યાત્રા વખતે પાટણ મુકામે તા. ૧૦.૧.૨૦૧૫ના હાર્ટ એટકથી અણધારી ચિર વિદાય, ઘણા હૃદયોને આશ્ચર્ય - આઘાતનો આચંકો આપી ગઈ.

કે.ડી.ઓ. સીનીયર સીટીજન્સ ડીગ્નીટી કલબ તેમજ કે.ડી.ઓ. જૈન મુંબઈ મીડટાઉન સંઘ અને તેની મહિલા પાંખના અગ્રણી કાર્યકર્તા વનીતાબેન પોતાના હોંશીલાપણા તથા અનુભવ વહેંચવાની આદતથી હંમેશા અલગ તરી આવતા. પોતે જ્યાં રહેતા એ દોસ્તી એકર રહેઠાણ સંકુલની સીનીયર સીટીજન કલબમાં પણ સક્રિય હતા. પ્રકાશ સમીક્ષાનો શબ્દાનંદ વિભાગ પણ સંભાળતા.

ઉમરશી દેવજી લોડાયાના મંજલવાળાના સુપુત્રી વનીતાબેન અનંત ભુવનના અને મસ્જિદબંદરના જ્ઞાતિ સંસ્કારના વાતાવરણમાં ઉછરેલા. હંમેશા જીવનમાં જીવંતતા રહેવી જોઈએ તેને તેમણે પોતાનો જીવન મંત્ર બનાવેલો.

લગ્ન પછી કૌટુંબિક જવાબદારીને કારણે સામાજિક જવાબદારી ન સંભાળી શક્યા પણ એ પૂર્ણ થતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખ તરીકે સેવા આપનારા શ્વસુરશ્રી રતીલાલ પદમશી નાગડા પાસેથી પ્રેરણા લઈ જાહેરજીવનમાં સક્રિય બન્યા અને ખાસ કરીને સીનીયર સીટીજન કલ્યાણ પ્રવૃતિમાં જોડાયા.

વનીતાબેન એક સાદા ગૃહિણી પણ પોતાની હોંશ અને નવા અનુભવ લેવા તથા વહેંચવાની ઉમંગથી કેટલાય લોકોના જીવનને સભર બનાવે તથા ચિરવિદાયથી ખાલીપો આપે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ હતા.

***રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.***

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :**
**જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.**

## આરોગ્ય પ્રકાશ : માનસિક અને શારીરિક ફ્લેક્સિબિલીટી

ફ્લેક્સિબિલિટી શારીરિક અને માનસિક, બન્ને સ્તરે વિકસાવી શકાય, શારીરીક રીતે તો યોગાસન કે પછી બીજા કોઈ પણ વ્યાયામ (ચાલવું, દોડવું, એરોબિક્સ, નૃત્ય તરવું વગેરે) દ્વારા શરીરમાં લચીલાપણું કેળવી શકાય. એથી એક અલગ જ પ્રકારની ચુસ્તી અને સ્ફૂર્તિ અનુભવાશે. આ ફ્લેક્સિબલ શરીરની એક ચોક્કસ અસર આપણાં મન, વિચાર અને લાગણીતંત્ર પર પડતી હોય છે. એ સિવાય પણ સ્વતંત્ર રીતે આપણે ફ્લેક્સિબિલિટી આપણા જીવનમાં એક ગુણરૂપે વિકસાવી શકીએ.

જીવનમાં જે પરિસ્થિતિઓ બદલાય, સંજોગો બદલાય તે પ્રમાણે તેને અનુરૂપ પોતાનામાં (રાજીખુશીથી) બદલાવ લાવવાની તૈયારી, હોશિયારી અને ક્ષમતા તેજ ફ્લેક્સિબિલિટી. અહીં ત્રણ વાત પર ધ્યાન આપીએ. પ્રથમ તૈયારી, બીજું હોશિયારી કે કુશળતા અને ત્રીજું ક્ષમતા.

તૈયારી ત્યારે જ આવે જ્યારે આપણે વર્તમાન પરિસ્થિતિનો સ્વીકાર કરીએ, એ પણ જાગરૂકતાથી. તો જ બદલાવ માટે રાજીખુશીથી તૈયાર થઈશું. હોશિયાર એટલે હવે જે બદલાવ પોતાનામાં લાવવાનો છે એ માટેની આવડત કે કુશળતા. એ ન હોય તો એ શીખવાની ધગશ જોઈએ. એમાં પુરુષાર્થ રેડવાનો છે.

ક્ષમતા તો દરેકમાં ભારોભાર પડેલી છે. મનને કોઈ પણ સંજોગોમાં નબળું નથી પડવા દેવાનું. ક્યારેય પોતાની નજરમાં નીચા ન પડવું, નહીં તો પછી કોઈ પણ ઉઠાવી નહીં શકે. આ અંદરની ક્ષમતાને જાણવા માટે છે ધ્યાન, પ્રાર્થના, સામયિક (સમભાવમાં રહેવું) વગેરે. આ ત્રણેયના સમન્વયથી ફ્લેક્સિબિલિટીનો ગુણ કેળવાય.

આ રીતે પોતાની શક્તિને યોગ્ય માર્ગ વાળવી, એને યોગ્ય દિશા આપવી. આ છે વળવાનો ગુણ, ક્યાંક નમીએ, ક્યાંક બદલાવ લાવીએ, જેથી કરીને બદલાતી પરિસ્થિતિમાં ભાંગી ન પડીએ. તૂટી ન જઈએ. આમ સમજપૂર્વક વિકાસ અર્થે આંતરિક બદલાવ લાવવો.

|| શ્રી મહાવીર સ્વામીને નમ: || || શ્રી સુવિધિનાથાય નમ: || || શ્રી આદીનાથાય નમ: ||

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

## સામાન્ય સભા

તા. ૧૨/૦૧/૨૦૧૫

પ્રતિ,
જખૌ મહાજન સભ્યો જોગ,

જય જીનેદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની સામાન્ય સભા રવિવાર તા. ૦૮/૦૨/૨૦૧૫, બપોરના ૩.૦૦ કલાકે, શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વ) ખાતે બોલાવવામાં આવેલ છે.

**એજન્ડા**

૧. તા. ૦૯/૧૧/૨૦૧૪ ની સામાન્ય સભા ની કાર્યવાહી નું વાંચન અને બહાલી.
